# ઉત્તરપૂર્વીય રાજયોમાં ભૂકંપના હળવા આંચકા

ગુવાહાટી,તા. ૧

દેશના ઉત્તરપૂર્વીય રાજયોમાં આજે બે આંચકાના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઇ ગઇ હતી. લોકો દહેશતના કારમે તેમના ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે આ સમગ્ર વિસ્તારમાં જાનમાલનુ કોઇ નુકસાન આંચકાના કારમે થયું નથી. ગુવાહાટીની પ્રાપ્ત અહેવાલ મુજબ આસામ, અરૂણાચલપ્રદેશ, મણિપુર, નાગાલેન્ડ, મેઘાલય અને ત્રિપુરાના મોટા ભાગના વિસ્તારોમાં આંચકા નોંધાયા હતા. ભારતીય ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું હતું કે રિક્ટર સ્કેલ પર ૪.૮ની તીવ્રતાનો આંચકો ૧.૧૩ વાગે આવ્યો હતો. આ આંચકાનું કેન્દ્ર અરૂણાચલપ્રદેશમાં ઝિગઝાગં પ્રાંતમાં હતું. જ્યારે બીજો આંચકો સવારે ૯.૪૩ વાગે આવ્યો હતો. તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૮ જેટલી આંકવામાં આવી હતી. બીજી બાજુ શિલોંગથી મળેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે



કે ભૂકંપના આંચકાના સમયમાં ચર્ચ સર્વિસમાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપી રહ્યા હતા. આ તમામ લોકો દહેશતના કારણે બહાર દોડી આવ્યા હતા. અસરગ્રસ્ત રાજ્યોના અધિકારીએ કહ્યું છે કે આંચકા બાદ પ્રાથમિક ચકાસણી હાથ ધરવામાં આવી હતી પરંતુ કોઇ પણ જગ્યાએ કોઇ નુકસાન થયું નથી. જેથી તંત્રને રાહત રાહત થઇ છે. જો કે તાજેતરના સમયમાં દેશના જુદા જુદા ભાગોમાં વારંવાર આંચકા આવ્યા છે જેથી આ મામલે ધરતીકંપની પ્રવૃતિમાં શોધખોળ કરનાર વૈજ્ઞાનિકોમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. તાજેતરના સમયમાં દેશના લગભગ તમામ રાજ્યોમાં આંચકો આવ્યો છે. હાલના દિવસોમાં માત્ર ભારતમાં જ નહી બલ્કે વિશ્વના અન્ય દેશોમાં પણ આંચકા આવી રહ્યા છે. ભારતના પડોશી દેશ ચીનમાં છેલ્લા સપ્તાહમાં જ ભૂકંપના આંચકા આવી ચુક્યા છે. જેમાં ૧૭થી વધારે લોકો ઘાયલ પણ થયા છે. દેશના જે વિસ્તારોમાં હાલ આંચકા આવ્યા છે તે વિસ્તારો પર વૈજ્ઞાનિકો ખાસ ધ્યાન આપીને હવે અભ્યાસ કરી રહ્યા છે.

# કર્ણાટક ભાજપમાં ઉભી થયેલી કટોકટી વધુ ગંભીર બનવાના સંકેત

બેંગ્લોર,તા.૧

કર્ણાટક ભાજપમાં ઉભી થયેલી કટોકટી વધુ ગંભીર બનવાના સંકેત દેખાઇ રહ્યા છે. કર્ણાટકમાં બળવાખોર બીએસ યેદીયુરપ્પા જુથે કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તન માટે પાંચમી જુલાઇની સમયમર્યાદા નક્કી કરીને ભાજપની કેન્દ્રિય નેતાગીરી ઉપર અભુતપુર્વ દબાણ વધારી દીધુ છે. બીવી સદાનંદ ગૌડાની જગ્યાએ મુખ્યમંત્રી તરીકે તેમના ઉમેદવાર જગદીશ સેત્તારની નિમણુંક કરવા ભાજપની કેન્દ્રિય નેતાગીરી ઉપર દબાણ વધારી દીધું છે. યેદીયુરપ્પા જુથ લડાયક મુડમાં દેખાઇ રહ્યું છે. જેથી ભાજપની કેન્દ્રિય નેતાગીરી પણ આ મડાગાંઠને ઉકેલવા તમામ પ્રયાસમાં લાગી ગઇ છે. રાજ્યમાંથી લોકસભાના સભ્યો, ધારાસભ્ય અને યેદીયુરપ્પાને ટેકો આપતા એમએલસી આજે સેત્તારના નિવાસ સ્થાને મળ્યા હતા અને શક્તિ પરીક્ષણમાં તેમને ટેકો




આપવાની ખાત્રી આપી હતી. એક દિવસ પહેલા જ ભાજપના દુત ધર્મેન્દ્ર પ્રધાને મડાગાંઠને ઉકેલવા બળવાખોર જુથના નેતાઓ સાથે વાતચીત કરી હતી. ભુતપુર્વ મુખ્યમંત્રીના નવ વફાદાર પ્રધાનોએ રાજીનામુ આપી દીધા બાદ ગંભીર પ્રકારની કટોકટી ઉભી થઇ ગઇ હતી. યેદીયુરપ્પા કર્ણાટક ભાજપમાં એક પછી એક સમસ્યા ઉભી કરી રહ્યા છે. નવ પ્રધાનોમાં સામેલ રહેલા રાજુ ગૌડાએ ગૃપ તરફથી વાતચીત કરતા આજે જણાવ્યું હતું કે સેત્તારને મુખ્યમંત્રી બનાવવા અમે હાઇકમાન્ડને સંયુક્ત રીતે અપીલ કરવાનો નિર્ણય કરી ચુક્યા છીએ. તેમણે ઉમેર્યું હતું કે પાંચમી જુલાઇ સુધીમાં કોઇ યોગ્ય નિર્ણય લેવામાં આવશે. જો પાંચમી જુલાઇ સુધી કોઇ નિર્ણય લેવામાં આવશે નહીં તો અમે ફરીવાર મીટીંગ યોજીશું અને પાંચમી જુલાઇના દિવસે મહત્વપુર્ણ નિર્ણય લઇશું. મીટીંગમાં ઉપસ્થિત રહેલા તમામ સભ્યોએ રાજકિય ઘટનાક્રમ અંગે નિર્ણય લેવા યેદીયુરપ્પા અને સેત્તારને તમામ સત્તા આપી હતી. બળવાખોર જુથના આ પ્રકારના વલણ લઇને હાઇકમાન્ડ હવે ટુંક સમયમાં જ કોઇ નિર્ણય લે તેવી શક્યતા છે. યેદીયુરપ્પા સામે ગેરકાયેદ માઇનીંગના સંબંધમાં કેસ ચાલી રહ્યો છે. અસંતુષ્ઠ જુથે વિધાનસભા પક્ષની મીટીંગ બોલાવવા માટે પણ હાઇકમાન્ડને અપીલ કરી છે. રાજુ ગૌડાએ કહ્યું છે કે જો હાઇકમાન્ડ મીટીંગ બોલાવશે નહીં તો યેદીયુરપ્પાના વફાદારો પોતે મીટીંગ યોજશે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ મીટીંગમાં ૫૫ જેટલા ધારાસભ્યો, ૧૫ એમએલસી અને આઠ સાંસદો હાજર રહી ચુક્યા છે. સેત્તારની સ્થિતિ હવે મજબુત બની ગઇ છે. યેદીયુરપ્પા જુથ વધુ કઠોર વલણ અપનાવે તેમ માનવામાં આવે છે. યેદીયુરપ્પાને મનાવવાના પ્રયાસો હજુ સુધી સફળ રહ્યા નથી. ગેરકાયદે માઇનીંગમાં સંકંજામાં આવી ગયા બાદ યેદીયુરપ્પા સામે તપાસ ચાલી રહી છે. તેમના પરિવારના સભ્યો પણ સંકંજામાં આવી ચુક્યા છે. કેસમાં તેમના નામનો ઉલ્લેખ થયા બાદ યેદીયુરપ્પાને રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. ત્યારબાદ સદાનંદ ગૌડાને મુખ્યમંત્રી બનવવામાં આવ્યા હતા.

## ૯૦૦ કમાન્ડોને આતંકવાદ વિરોધી ઓપરેશનની ટ્રેનિંગ

નવી દિલ્હી,તા. ૧

આતંકવાદઓને જડબાતોડ જવાબ આપવા માટે લોકપ્રિય એનએસજી દ્વારા હવે આશરે ૯૦૦ કમાન્ડોને વીઆઇપી સુરક્ષામાંથી ખેંચી લઇને ત્રાસવાદ વિરોધી ઓપરેશનની તાલીમ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એનએસજીના આ નિર્ણયને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. એનએસજી હવે ત્રાસવાદ સામેની લડાઇને વધારે શક્તિશાળી અને મજબુત બનાવવા માટે કમર કસી ચુકી છે. મળેલી માહિતી મુજબ આતંકવાદ વિરોધી ફોર્સ એનએસજી દ્વારા હવે વીઆઇપી સુરક્ષા ફરજ બજાવી રહેલા ૯૦૦ કમાન્ડોને



તાલીમ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ કમાન્ડોને ખાસ આતંકવાદ વિરોધી ઓપરેશન અને ત્રાસવાદ વિરોધી અન્યોપરેસન અંગે માહિતી આપવામાં આવશે. કાઉન્ટર હાઇજેક ઓપરેસન અંગે પણ તાલીમ આપવામાં આવશે. તેના ડિરેક્ટર જનરલ રાજન કે મેધકરના નેતૃત્વમાં કમાન્ડો ફોર્સ દ્વારા તૈયાર કરવામાં આવેલી નવી બ્લૂ પ્રિન્ટ મુજબ દરેક યુનિટમાં ૯૦૦ જવાન રહેશે. ફેડરલ કોન્ટીજન્સી ફોર્સ તરીકે વર્ષ ૧૯૮૪માં એક્ટ ઓફ પાર્લામેન્ટ હેટળ એનએસજી છે. તેની રચના કરવામાં આવ્યા બાદથી તેની કામગારી ખુબ અસરકારક રહી છે. બ્લેક કેટ કમાન્ડોને હવે જુદા જુદા યુનિટોમાં રાખવામાં આવશે. સ્પેશિયલ રેજર્સ ગ્રુપના કમાન્ડોને ફોર્સ કમાન્ડર અને આઇજી ટ્રેનિગ દ્વારા કાઉન્ટર ટેરર ઓપરેશનની તાલીમ આપવામાં આવશે. નવી દિલ્હી નજીક ગુડગાવમાં માનેસર ખાતેલ તેના ગેરિસનમાં સ્થિત એનએસજીના બ્રિગેડિયર અને મેજર જનરલ રેંકના અધિકારીઓ દ્વારા તાલીમ આપવામાં આવશે. આતંકવાદના વધતા પ્રવાહને ધ્યાનમાં લઇને આ નિર્ણય કરવામાં આવ્યો છે.

## અરૂણાચલમાં પુરની સ્થિતીમાં સુધાર થયો

ઇટાનગર,તા. ૧

હવામાનની સ્થિતીમાં સુધાર થતા અરૂણાચલપ્રદેશમાં પુરની સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. રાજયમાં જનજીવન હવે સામાન્ય બનવા તરફ જઇ રહ્યું છે. છેલ્લા બે દિવસમાં પુરની સ્થિતી હળવી બની છે. મુખ્યપ્રધાન નબામ ટુકીએ પ્રવર્તમાન સ્થિતીની સમીક્ષા કરવા રાજયમાં એક સત્તાવાર ટીમ મોકલવા કેન્દ્રિય ગૃહ પ્રધાન ચિદમ્બરમને અપીલ કરી છે. નુકસાનની સમીક્ષા કરવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે કહ્યું છે કે રાજ્ય સરકાર પરિસ્થિતીને હાથ ધરવા માટે સંપૂર્ણપણે સક્ષમ નથી. કેન્દ્રિય મદદની માંગ પણ કરવામાં આવી છે. ટુકીએ કહ્યું છે કે બચાવ અને રાહત કામગારી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. રાહત કામગારીમાં ભારતીય સેના અને હવાઇ દળની મદદ પણ લેવામાં આવી રહી છે.

અરૂણાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે હાલમાં ભારે કફોડી સ્થિતી બની છે. રાજ્યના આંતરિક વિસ્તારોમાં રહેતા ગરીબ લોકોને સૌથી વધારે અસર થઇ છે.

## ભારતને બદનામ નહીં કરવા મિત્તલને સુચન

નવી દિલ્હી, તા. ૧

સ્ટીલ પ્રધાન બેની પ્રસાદ વર્માએ આજે એનઆરઆઇ અબજોપતિ એલએન મિત્તલ ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું ભારત અને ભારત સરકારને બદનામ કરવાના પ્રયાસ કરવા જોઇએ નહીં. બેની પ્રસાદ



વર્માએ દેશમાં તેમના પ્લાન્ટ કેમ સ્થાપિત કરવામાં આવ્યા નથી તે અંગે પ્રશ્નો કર્યા હતા. બેની પ્રસાદ વર્માએ કહ્યું હતું કે લક્ષ્મી મિત્તલે ભારતને બદનામ કરવાના પ્રયાસો હાથ ધરવા જોઇએ નહીં. પોતાના પ્રોજેક્ટો ઉપર તેઓ કેમ કામ કરી રહ્યા નથી. વિશ્વની સૌથી મોટી સ્ટીલ કંપની આર્સેલર મિત્તલના સીઇઓ અને ચેરમેન મિત્તલે ૧૯મી જુનના દિવસે ન્યુયોર્કમાં જણાવ્યું હતું કે તમામ મોટા અર્થતંત્રના મહત્વપુર્ણ ભાગ તરીકે ઔદ્યોગીક કરણ છે. ભારતે પણ આ દિશામાં પગલા લિધા છે. પરંતુ ભારતમાં ધીમી ગતીએ પગલા લેવાયા છે. અગાઉની ગણતરીની સરખામણીમાં વધુ સમય સુધી લાખો લોકોને ગરીબીમાં રાખવા માટે પણ કેટલાક પરીબળો ભારતમાં જવાબદાર રહ્યા છે. ઝારખંડ અને ઓરિસ્સામાં જમીન મેળવવાના સંબધમાં આર્સેલર મિત્તલ દ્વારા સામનો કરવામાં આવી રહેલી સમસ્યાઓ અંગે પુછવામાં આવતા સ્ટીલ પ્રધાને કહ્યું હતું કે આ એક રાજ્યનો મામલો છે. કોઇપણ કેમાં મિત્તલનો સંપર્ક કરવામાં આવ્યો ન હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે જો આર્સેલર મિત્તલ ભારતીય યોજના સાથે આગળ વધવા ઇચ્છુક હતા તો કેન્દ્ર સરકારે સહકાર આપવાની જરૂર હતી. વર્માએ કહ્યું હતું કે દક્ષિણ કોરીયન સ્ટીલ કંપની પોસ્કો ઓરિસ્સામાં ૧૨ મિલિયન ટનના સ્ટીલ પ્લાન્ટની સ્થાપના કરવા ૧૨ અબજ ડોલરનો પ્રોજેક્ટ ધરાવે છે.

## એનસીટીસી મડાગાંઠને દૂર કરવા નવા પ્રયાસ શરૂ કરાયા

નવી દિલ્હી,તા.૧

નેશનલ કાઉન્ટર ટેરેરિઝમ સેન્ટર (એનસીટીસી)ને લઇને કેન્દ્ર સરકાર અને રાજયો વચ્ચે મડાગાંઠની સ્થિતિ સર્જાયેલી છે ત્યારે હવે રાજ્યો સાથે સર્વસંમતિ સાધવાના પ્રયાસરૂપે કેન્દ્ર સરકારે નવી ગણતરી હાથ ધરી છે. રાજ્યોનો ટેકો મેળવવા માટે કેન્દ્ર સરકારે હવે નવેસરના પ્રયાસો હાથ ધરવાનું નિર્ણય કર્યો છે. જેના ભાગરૂપે એનસીટીસીની કેટલીક સત્તાઓને દૂર કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. ગૃહમંત્રાલયમાં જાણકાર સુત્રોએ કહ્યુ છે કે રાજ્યોને મનાવી લેવાના પ્રયાસરૂપે કેન્દ્ર સરકારે ધરપકડ કરવા માટે એનસીટીસીમાં રહેલી કેટલીક જોગવાઈઓ અને સત્તાઓને મર્યાદિત કરવા તૈયાર થવાની તૈયારી બતાવી છે. રાજ્યોએ કાઉન્ટર ટેરર બોડીને આપવામાં આવેલી સત્તાઓ સામે વાંધો ઉઠાવ્યો હતો અને એવી દલિલ કરી હતી કે આના કારણે રાજ્યોની સત્તાઓમાં કાપ મુકાશે. હવે નેશનલ સિક્યુરિટી અથવા તો રાષ્ટ્રીય સુરક્ષા અંગેની નરેશચંદ્ર કમિટિએ અનલોફુલ એક્ટિવિટી પ્રવેન્શન એક્ટ હેઠળ તપાસ કરવા અથવા તો ધરપકડ કરવા એનસીટીસી પાસે વધારે સત્તા હશે નહીં. કેન્દ્ર સરકાર હવે એનસીટીસીની સત્તાઓને મર્યાદિત કરવા માંગે છે. કેન્દ્ર સરકાર અન્ય કેટલાક સુધારા પણ કરવા માંગે છે. નરેશચંદ્ર કમિટિએ કેટલાક મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા. ભૂતપૂર્વ કેન્દ્રીય કેબિનેટ સચિવના નેતૃત્વમાં આ પેનલે ભલામણ કરી હતી કે જુદી જુદી ઈન્ટેલિજન્સ સંસ્થાઓ પર નજર રાખવા માટે એક ફુલટાઈમ એડવાઈઝરની નિમણૂક કરવામાં આવે. સંસ્થાઓ વચ્ચે સંકલન જાળવવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત એનસીટીસીની સત્તાઓ અંગે રાજ્યોને પણ રાહત આપવામાં આવશે. ગુરૂવારના દિવસે ચંદ્રાએ વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સમક્ષ અહેવાલ રજૂ કર્યો હતો. નેશનલ સિક્યુરિટી કાઉન્સીલમાં અન્ય પ્રધાનોમાં પી.ચિદમ્બરમ અને એ.કે.એન્ટોનીનો સમાવેશ થાય છે. કારગીલની કમિટિની ભલામણોમાં અમલીકરણની સમીક્ષા કરવા આ સમિતિ રચાઈ હતી. સાથે સાથે એનસીટીસીને લઈને ગૂંચ દૂર કરવા પણ આની પાછલ હેતુ હતો.

એમ માનવામાં આવે છે કે આતંકવાદ સામેની લડાઈને વધુ અસરકારક બનાવવાની તૈયારી ચાલી રહી છે. કેટલીક અન્ય ઈન્ટેલિજન્સ સંસ્થાઓ, ઘણા નિષ્ણાંતો અને રાજ્યો માને છે કે તમામ સંસ્થાઓની અંદર અસરકારક સંકલન માટે એનસીટીસી સ્વતંત્ર સંસ્થા હોવી જોઈએ.

## બોલિવુડના કલાકારો ઉપર ૧૨ ટકા સર્વિસ ટેક્સ લાગુ

નવી દિલ્હી, તા.૧

બોલિવુડમાં તમામ કલાકારો અને ટેલિવિઝન સિરિયલમાં કામ કરતા કલાકારોને આજથી એટલે કે પહેલી જુલાઈ ૨૦૧૨થી ૧૨ ટકા સર્વિસ ટેક્સ લાગુ પડશે. આનો મતલબ એ થયો કે કલાકારો ઉપર પણ વધુ ખર્ચ આવશે. સર્વિસ ટેક્સ હેઠળ કલાકારોને આવરી લેવામાં આવ્યો છે. જો કે હોસ્પિટલોને મુક્તિ આપવામાં આવી છે. એક્ટિંગથી કુશળતાથી થતી આવક ઉપર ટેક્સ લાગુ થશે. તેમની ઈનકમટેક્સની ફરજ કરતા આ ટેક્સ અલગ હશે. નેગેટિવ લિસ્ટ જારી કરીને નવી ટેક્સ સેવા આજથી સરકારે અમલી બનાવી દીધી છે. વ્યક્તિગત અથવા તો જે કંપનીની વાર્ષિક આવક ૧૦ લાખથી ઓછી છે તે વ્યક્તિ અથવા તો કંપનીને મુક્તિ મળશે. કોઈ ટેક્સ ચુકવવાની જરૂર પડશે નહીં. ઈન્ડિય પ્રિમિયર લીંગના ક્રિકેટરો અને ઈવેન્ટ મેનેજરોને પહેલાથી જ ટેક્સ વ્યવસ્થા હેઠળ આવરી લીધી છે. સરકારે નકારાત્મક યાદીમાં ૩૮



સેવાને આવરી લીધી છે. જેમાં ચીજ વસ્તુઓ અથવા તો યાત્રીઓના પરિવહન, મીટરથી ચાલતી ટેકસીઓ,રિક્ષા, ઈલેક્ટ્રીસિટી ટ્રાન્સમિશન, ડિસ્કોમ દ્વારા વિતરણ, સટ્ટા, જુગાર, પાર્કમાં એન્ટ્રીની બાબતનો સમાવેશ થાય છે. ગયા મહિને નાણા પ્રધાન દ્વારા જારી કરવામાં આવેલી શૈક્ષણિક માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યુ હતુ કે તમામ ખાનગી નિર્માણ કામગીરી સર્વિસ ટેક્સ હેઠળ આવરી લેવાશે. જેમાં ખાનગી હોસ્પિટલના નિર્માણ, શૈક્ષણિક સુવિધાનો નિર્માણનો સમાવેશ થાય છે. માત્ર સરકારી હોસ્પિટલો શૈક્ષણિક સંસ્થાઓ અને સત્તાવાર હેતુ માટે સરકારી ઈમારતોને આ ટેક્સમાંથી મુક્તિ આપાવમાં આવી છે. પરંપરાગત અથવા તો સાસ્ત્રી કલાના સ્વરૂપ, ડાન્સ, થિયેટરમાં કામ કરતા કલાકારોને ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે. જો કે પશ્ચિમી મ્યુઝિક, ડાન્સ, આધુનિક થેયિટરો અને ફિલ્મો અને સિલિયલોમાં કામ કરતા કલાકારોને ટેક્સ ચુકવવા પડશે. આવી જ રીતે પેન્ટિંગ, સિલ્પ કૃતિ જેવી કલાઓના કલાકારોની પ્રવૃતિ પણ પરપાત્ર હશે.

## વિદેશ મંત્રી કૃષ્ણા આજથી તજાકિસ્તાનની મુલાકાતે

નવી દિલ્હી,તા. ૧

વિદેશ પ્રધાન એસએમ કૃષ્ણા આવતીકાલે બે દિવસની તજાકિસ્તાનની યાત્રાએ જઇ રહ્યા છે. આ યાત્રા દરમિયાન દ્વિપક્ષીય સંબંધોને મજબુત કરવાના મામલે મુખ્યરીતે ચર્ચા કરવામાં આવસે. તજાકિસ્તાનના નેતાઓની સાથે તેમની વાતચીતને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ઉપરાંત તેઓ



વ્યુહાત્મક યુરાશિયન પ્રદેશમાં ૧૧ દેશોના મિશનબારતીય વડાઓ સાથે વાતચીત કરશે. તજાકિસ્તાનની સાથે ભારતના વ્યુહાત્મક, આર્થિક અને ઉર્જા ક્ષેત્રમાં સંબંધોને મજબુત કરવા પર ખાસ ભાર મુકવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રશિયાની તેમની યાદ્દા વેળા ગયા વર્ષે ઓક્ટોબરમાં સંરક્ષણ પ્રધાન એકે એન્ટોની પણ તજાકિસ્તાન ગયા હતા. તજાકિસ્તાનની નેતાગીરી સાથેની વાતચીત વેળા તેઓ દ્વિપક્ષીય મુદ્દા અને ક્ષેત્રીય મુદ્દાઓ ઉઠાવશે. ઉપરાંત ત્રાસવાદ, વેપાર અને સુરક્ષાના પાસા પર ચર્ચા કરવામાં આવશે. કૃષ્ણા તેમના સમકક્ષ સાથે વિસ્તારપૂર્વક ચર્ચા કરશે. વિદેશમંત્રી કૃષ્ણા તાજેતરમાં વૈશ્વિક પરીસ્થીતીને ધ્યાનમાં લઈને જુદા જુદા દેશોની મુલાકાત લઈ રહ્યા છે અને સંબંધો વધુ મજબુત કરવા ઉપર ધ્યાન આપી રહ્યા છે. એકબાજુ ભારતના પડોશી દેશો ચીન અને પાકિસ્તાન વ્યુહાત્મક રીતે નજીક આવી રહ્યા છે જેથી ભારતની ચિંતા વધી રહી છે.

## આસામમાં પુર બાદ રોગચાળો ફાટી નિકળવાનું ગંભીર સંકટ

ગુવાહાટી,તા. ૧

આસામમાં પુરની સ્થિતી હવે ધીમે ધીમે હળવી બની રહી છે પરંતુ હવે રાજ્યના અનેક વિસ્તારોમાં રોગચાળો ફાટી નિકળવાનો ખતરો તોળાઈ રહ્યો છે. રાજ્યમાં પુરના કારણે હજુ સુધી મોતનો આંકડો વધીને ૭૭ ઉપર પહોંચ્યો છે. પુરની વિકટ સ્થિતી સર્જાઇ ગયા બાદ આશરે ૧૧ લાખ લોકોને તેમના ઘર છોડી દેવાની ફરજ પડી છે. એમ માનવામાં આવે છે કે પુરની સ્થિતી આ વખતે વર્ષ ૨૦૦૪માં આવેલા પુર કરતા પણ વધારે ખતરનાક છે. આ પુરના કારણે ૪૩૦૦૦ હેક્ટર જમીનમાં ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી આવતીકાલે રાજયમાં પહોંચીને પરિસ્થિતીની સમીક્ષા કરે તેવી શક્યતા છે. એમ માનવામાં આવે છે કે સોનિયા ગાંધી અને



મનમોહનસિંહ પુર પિડિતો માટે રાહતની જાહેરાત કરી શકે છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમના વરિષ્ઠ અધિકારીઓએ ગઈકાલે પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. પુરની સ્થિતીમાં સુધાર થયા બાદ હવે રોગચાળાનો ખતરો તોળાઈ રહ્યો છે. પુરગ્રસ્ત લોકો માટે આશરે ૧૭૩ રાહત કેમ્પ લગાવવામાં આવ્યા છે. પરંતુ પાણીની સપાટી ઘટી જતા અનેક લોકો પોતાના નિવાસે પરત ફરી રહ્યા છે. જો કે તંત્રે ચિંતા વ્યક્ત કરી છે કે પાણીની સપાટી નીચે પહોંચ્યા બાદ રોગચાળો ફેલાશે. આના માટે પહેલાથી જ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. પુરના કારણે પ્રાણીઓને પણ અસર થઈ છે. કાજીરંગ નેશનલ પાર્કમાં એનેક હરણના મોત થયા છે. આસામના મુખ્યપ્રદાન હાલ અમેરિકામાં છે. પરંતુ તેઓએ જિલ્લા અધિકારીઓને પુરપિડિતોની રાહત સાથે જોડાયેલા તમામ નિર્ણય લેવા સુચના આપી દીધી છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

એટલું જ નહીં, સાડા ચાર દાયકાની મજબ કાપી ગુજરાતી સાહિત્યના એક અનોખા ભાગરૂપે પ્રતિષ્ઠિત થયેલા 'ગુજરાતી દલિત સાહિત્ય' સંદર્ભના પ્રશ્નો હવે પરીક્ષામાં સ્થાના પામતા રહ્યાં છે, એટલે તેનો પણ સમાવેશ અહીં કરવામાં આવ્યો છે.

ગુજરાતી ભાષા સાહિત્યના રસિકો, અભ્યાસુઓ, વિદ્યાર્થીઓ અને પરીક્ષાર્થીઓને સંદર્ભ ગ્રંથ એક અંગત સહાયકનું કામ કરશે તેમાં કોઇ બે મત નથી. જેના કારણે ગુજરાતી ભાષા સાહિત્ય સંદર્ભની અપેક્ષાઓ સંતૃપ્ત કરે તેવો આ સુંદર ગ્રંથ પ્રગટ કરવા માટે ડિવાઇન પબ્લિકેશન્સના અમૃતભાઇ ચૌધરી અભિનંદનનાં અધિકારી છે.

**ગુજરાતી સાહિત્ય UGC, NET/SLET**
**લેખક - સંપાદક : ડો. ડી.એમ. ભદ્રેસરિયા**
**પ્રકાશક - ડિવાઈન પબ્લિકેશન્સ**
**૩૦, ત્રીજે માળમાં, કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડેલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ.**
**મો. ૯૪૨૭૦૧૨૮૯૫**
**આવૃત્તિ - ૨૦૧૧/૧૨**
**પૃષ્ઠ - ૩૯૮, કિંમત રૂા. ૨૫૦/-**

## સત્યમેવ જયતે શોમાં આમિરે શરાબની ટેવનો મુદ્દો ઉઠાવ્યો

મુંબઇ, તા.૧

બોલિવુડ સ્ટાર આમિર ખાને પોતાના ટીવી શો સત્યમેવ જયતેના નવા એપિસોડમાં શરાબ અને તેના ખરાબ પરિણામ પર આજે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં જાણિતા ગીતકાર જાવેદ અખ્તરે કહ્યું હતું કે ૨૭ વર્ષ સુધી કેવી રીતે નશામાં ડુબ્યા રહ્યા હતા. શોમાં હાજર રહેલા લોકોમાં તમામની વય ૩૦ વર્ષ કરતા ઓછી હતી. આ તમામ લોકોએ પોતપોતાની પ્રતિક્રિયા રજુ કરી હતી. આમા જાણવા મળ્યું કે કોઈ વ્યક્તિ બોસને સાથ આપવા માટે શરાબ પીવે છે જ્યારે કેટલાક લોકો શરાબ પ્રતિષ્ઠાના હેતુસર પીવે છે. પરંતુ શોનો મુખ્ય હેતુ શરાબના કારણે બરબાદ થયેલા લોકોને મુશ્કેલીમાંથી બહાર કાઢવાનો હતો. જાવેદ અખ્તરે શોમાં કબુલાત કરી હતી કે એક વખતે જ્યારે તેઓ શરાબની ટેવ ધરાવતા હતા ત્યારે ઘણી મુશ્કેલીઓ નડી હતી. જાવેદ અખ્તરે એમ પણ કહ્યું કે ડિગ્રી મેળવી લીધા બાદ ૧૯ વર્ષની વયમાં તેઓ મુંબઈ જતા રહ્યા હતા. અને મીત્રોની સાથે શરાબ પીવાની શરૂઆત કરી દીધી હતી. જાવેદ અખ્તર ૨૭ વર્ષ સુધી શરાબ પીતા રહ્યા હતા. પરંતુ ત્યારબાદ શરાબ છોડી દઈને ૨૧ વર્ષથી તેઓ સ્પર્ષ કરી રહ્યા નથી. જાવેદ અખ્તરનું કહેવું છે કે એક વખતે તેઓ રોજ રાત્રે એક બોટલ શરાબ પી જતા હતા. શોમાં શરાબની ટેવાના કારણે થતી હિંસા, સ્થાનિક હિંસા અને નશામાં ડ્રાઈવીંગથી થતાં અકસ્માતનો મુદ્દો ઉઠાવ્યો હતો. શોમાં પંજાબના એક ગામ ચંગાલના લોકો પણ રજુ કરવામાં આવ્યા હતા. આ લોકો ગામમાં શરાબની દુકાનો બંધ કરાવી ચુક્યા છે. શરાબની ટેવ ભારતમાં અન્ય દેશોની જેમ જ સર્વસંમત છે. આ ટેવની શરૂઆત સામાન્ય રીતે મોજમસ્તીની સાથે થાય છે.

### પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

અંતે એક દવાખાનામાં ફોન કરતા સમાચાર મળ્યાં કે દેવાભાઈ નામની એક વ્યક્તિને ગઈ રાત્રે બેભાન થઈ જતાં દવાખાને દાખલ કરેલાં હતાં.

દેવાના સમાચાર મળતા સોનબા હાંફળાં ફાફળાં થઈ ગયાં ને બધાં દવાખાને પહોંચી ગયા ને પૂછ્યું તો જવાબ મળ્યો કે 'ગઈ રાત્રે દેવાભાઈ નામની વ્યક્તિની તબિયત બગડી જતા અહિં દાખલ કરેલાં હતા.'

સીસ્ટરે રજીસ્ટર ખોલીને જોયું તો દેવજીભાઈ નામની વ્યક્તિને ચક્કર આવતાં પડી ગયેલાને બેભાન થઈ જતાં દવાખાનામાં દાખલ કરેલાં.'

'હાં સિસ્ટર પણ એને અચાનક શું થઈ ગયું હશે.'

ડૉકટર સાહેબ કહેતા કે, 'દેવાને કોઈ ચિંતા હોય તેવું લાગતા આઘાત લાગેલ છે. આથી તેમને ચક્કર આવતા બેભાન થઈ ગયેલ.'

'તેને કયાં રૂમમાં દાખલ કરેલા છે?' સોનબાએ ગભરાતાં ગભરાતાં પૂછ્યું.

'આથી સીસ્ટરે કહ્યું,', 'માસી તમે સામેની બારીએ જઈ પૂછો એટલે ત્યાં બેઠેલાં સાહેબ તમને કહેશે.'

'અરે તમે નોકરી કરો છો તો તમને ખબર નથી?'

'માસી એ કામ અમારું નથી.'

'તો પછી તમારું કામ શું છે?' મારા એકના એક પુત્રને કાંઈક થઈ જશે તો? સોનબાએ ગુસ્સે કરતાં કહ્યું.

(ક્રમશઃ)